# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી,
# આણંદ–૩૮૮૧૧૦

વંચાણે લીધો : કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં પત્ર જા.નં.આકૃયુ/રજી/એકે/ (૧૧મી ખાસ બેઠક)/(અ.૯૭)/૬૮૫-૬૯૬/૨૦૧૭, તા.૩૧/૦૫/૨૦૧૭ ની સાથે સામેલ નિયામક મંડળની ૧૧ મી ખાસ બેઠકની કાર્યનોંધ.

## : જા હે ર ના મું :

આથી સબંધકર્તા સર્વેને જાણ અર્થે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની નિયામક મંડળની તા.૨૦-૦૫-૨૦૧૭ ના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલ બેઠકના મુદ્દા નં. ૧૧.૮ થી નીચે મુજબ ઠરાવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ માટે અંદાજપત્રીય જોગવાઈ રૂ.૭૩૯૪.૪૩ લાખ રાજ્ય સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવામાં આવી. નવી બાબત તરીકે રજૂ કરવામાં આવેલ પ્રોજેક્ટમાં નવી જગ્યાઓ, રીકરીંગ અને બાંધકામની જોગવાઈ મંજુર કરવામાં આવેલ નથી. જ્યારે, નોન-રીકરીંગ સદરના સાધનો માટે જોગવાઈ કરવામાં આવેલ છે, જેથી, નવા પ્રોજેક્ટનું અમલીકરણ કરી શકાય તેમ ન હોવાથી, તે અંગે રાજ્ય સરકારશ્રીને જાણ કરવામાં આવેલ છે. જેની મંજુરી આપવામાં આવે છે."

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં. આકૃયુ/સંનિ/પ્લાન-૨/ ૨૧૬૫ /૧૭
તા: ૩ /૦૬/૨૦૧૭

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ આ સાથે જાહેરનામાની ૧૦ નકલ સામેલ રાખી જરૂરી કાર્યવાહી સારૂ.
(૩) સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રી, આકૃયુ, આણંદ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
(૪) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી, આકૃયુ, આણંદ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

<u>નકલ રવાના:</u>

(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
(૨) સંશોધન નિયામકશ્રીની કચેરીના તમામ ટેબલ તરફ જાણ સારૂ.